શું ઇસ્લામે મહિલાઓને પુરૂષો સાથે સમાનતાનો હક આપ્યો છે?

એક મુસલમાન સ્ત્રી પોતાના માટે ન્યાયની શોધ કરે છે, સમાનતાની નહી, પુરુષો સાથે તેમની સમાનતા તેમને ઘણા અધિકાર અને ગુણવત્તાથી વંચિત કરી દે છે. માનીલો કે એક વ્યક્તિના બે છોકરાઓ છે, જેમાંથી એક પાંચ વર્ષનો છે અને બીજો અઢાર વર્ષનો છે, અને તે વ્યક્તિ બંને માટે એક એક ખમીઝ લેવા માંગે છે, અહી સમાનતા તે છે, તે બન્ને માટે એક જ માપની ખમીઝ લઇ આપે, જેના કારણે એકને તકલીફ થાય છે, પરંતુ ન્યાય તે છે તે બન્ને ના તેમના માપ પ્રમાણે લઇ આપે, અને આ રીતે દરેકને સુખ પ્રાપ્ત થાય છે.

આ સમયે સ્ત્રીઓ એ સાબિત કરવાની કોશિશ કરી રહી છે કે તે બધું કરી શકે છે જે પુરુષ કરે છે, પરંતુ સત્યતા એ છે કે આ બાબતે સ્ત્રી પોતાની વિશિષ્ટતા અને વિશેષ અધિકાર ગુમાવી દે છે, અને અલ્લાહ એ તેમને તે કરવા માટે પેદા કર્યા છે જે કોઈ પુરુષ પણ કરી શકતો નથી. તે સાબિત થયું છે કે બાળજન્મની પીડા સૌથી તીવ્ર પીડાઓમાંથી એક છે. ધર્મ સ્ત્રીને આ થાકના કારણે તેને છુટ્ટત આપવા માટે આવ્યો છે, અને તેણીને તે અધિકાર આપે છે કે તે ભરણપોષણ અને કામ કરવાની જવાબદારી ન ઉઠાવે, અથવા તો તેમની પાસે પોતાના પતિને ભાગીદાર બનાવ્યા વગર મિલકતમાં સંપૂણ અધિકાર છે, જેવું કે પશ્ચિમ માં છે. જયારે કે અલ્લાહ એ પુરુષને બાળજન્મની પીડા સહેન કરવાની શક્તિ નથી આપી, તેણે પુરુષોને પર્વતો પર ચઢવાની શક્તિ આપી, ઉદાહરણ તરીકે.

અને જયારે કોઈ સ્ત્રી પર્વત પર ચઢવાનું, કામ કરવાનું અને મહેનત કરવાનું પસંદ કરે અને તેણી એવો દાવો કરે કે તે આ કામ કરી શકે છે, તો તેણી આ કામ કરી શકે છે, પરંતુ છેલ્લે તો તે જ છે જે બાળકોને જન્મ આપશે અને તેમની પરવરીશ કરશે, અને તેમને દૂધ પિવડાવશે, કારણકે પુરુષ કોઈ પણ સ્થિતિમાં આવું કરી શકતો નથી, તેના માટે બે ઘણું કામ છે જેનાથી તે ઈચ્છે તો બચી શકે છે.

ઘણા લોકો જે નથી જાણતા તે એ છે કે જો કોઈ મુસ્લિમ મહિલા યુનાઈટેડ નેશન્સ દ્વારા પોતાના અધિકારોનો દાવો કરવા માંગે છે, અને ઇસ્લામમાં પોતાના અધિકારો છોડી દેવા માંગતી હોઈ, તો તે તેના માટે નુકસાન કારક હશે, કારણ કે ઇસ્લામમાં તેણીને વધુ અધિકારો છે. ઇસ્લામ એકીકરણ પ્રાપ્ત કરે છે જેના માટે પુરુષો અને સ્ત્રીઓની રચના કરવામાં આવી હતી, જે બધા માટે સુખ પ્રદાન કરે છે.

ઇસ્લામ વિશે સવાલ અને જવાબ

Source: https://mawthuq.net/demo/qa/gu/show/85/

Arabic Source: https://mawthuq.net/demo/qa/ar/show/85/

Sunday 1st of November 2026 06:38:51 AM